ક્રિ.પ.અ.નં. ૦૩/૨૦૨૫

**વાલીયા પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૯૦૫૦૨૫૦૦૪૩/૨૦૨૫, ના કામે આરોપી ધર્મેશભાઈ દલસુખભાઈ નવલભાઈ વસાવા,મેહુલભાઈ ઈશ્વરભાઈ વસાવા,વિશાલભાઈ રાયમલભાઈ વસાવા ,મોઈન સિરાજ સૈયદ આરોપીઓની જામીન અરજી લગત હુકમ**

૧ આ કામે સદરહુ ગુનાની એફ.આઈ.આર વંચાણે લીધી. તેમજ સદરહુ કામે બી.એન.એસ ની કલમ–૩૦૩(૨),૩૨૯,૫૪ મુજબ ના ગુનાની હકીકત ધ્યાને લીધી.તેમજ ફરીયાદ પક્ષ તર્ફે એપીપીશ્રી જી.બી.મકવાણા નો શેરો ધ્યાંને લીધો તેમજ સજાની જોગવાઈ તેમજ ગુનાની ગંભરતા જોતા હાલની અરજી નામંજુર કરવા દલીલો કરેલછે.

૨. સદરહુ કામે આરોપી તર્ફે વિ.વ.શ્રી એચ.એમ.વસાવા કોર્ટનુ દલીલ કરી ધ્યાન દોરેલછે કહેવાતો ગુનો કરેલ નથી. વધુમા આરોપીઓ ને શંકાના આધારે ફરીયાદ દાખલ કરેલછે અને ફરીયાદ લેઈટ આપેલીછે અને સ્થાનીક હકુમતના રહેવાસીઓછીએ જેથી હાલની અરજી યોગ્ય રકમની જામીન આપેથી જામીન અરજી મંજુર કરવા દલીલો કરેલીછે.

૩. આમ ઉપરોકત બન્નેવ પક્ષકારોની દલીલો સાંભળી તેમજ ગુનાની એફ.આઈ.આર ધ્યાને લીધી. વધુમા ગુનાની હકીકત જોતા હાલના કામે સોલાર પ્લાટના કેબલો ના વાયરો ની ચોકરી કરેલછે અને જેની કિંમત રૂ.**૮૧,૮૪૪/–** છે. વધુમા આરોપીના વિ.વ.શ્રી ની દલીલછેકે, ફરીયાદ લ ેટ છે તે તો પુરાવાનો વિષયછે અને તેઓની દલીલ એમ પણ છે કે આરોપીઓના નામ નથી તો એફ.આઈ.આર મા નામ આરોપીઓના હોવા જરૂરી નથી કારણકે, એફ.આઈ.આર ફકત ગુનાની માહીતી છે નહીકે તે ઈનસાઈકલોપીડીયા નો ગ્રંથ કે તેમા તમામ વિગતો હોવી જોઈએ જેથી પણ તે દલીલો બચાવ પક્ષની માની શકાય નહી. વધુમા હાલના આરોપીઓ સામે આજ અદાલતમાં આની સાથે બીજા **કુલ–૩ ત્રણ ગુનાની પણ ફરીયાદ છે** અને જેથી આરોપીઓ આવા પ્રકારના ગુના કરવાની ટેવવાળો હોવાનુ માની શકાય અને જેથી ફરીયાદ ની હકીકત તેમજ ગુનાની હકીકતો તેમજ ગંભીરતા જોતા હાલની અરજી મંજુર કરવી ન્યાયોચીત જણાતુ ન હોય જેથી ન્યાયના હીતમાં નીચે મુજબ નો હુકમ કરવામાં આવેછે.

હુકમ

૧. હાલના આરોપી **આરોપી ધર્મેશભાઈ દલસુખભાઈ નવલભાઈ વસાવા,મેહુલભાઈ ઈશ્વરભાઈ વસાવા,વિશાલભાઈ રાયમલભાઈ વસાવા ,મોઈન સિરાજ સૈયદ આરોપીઓની** નાઓની **જામીનઅરજી નામંજુર યાને રદ કરવામાં આવેછે.**

આજરોજ તા.૧૭/૦૧/૨૦૨૫ ના રોજ સદરહુ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૭/૦૧/૨૦૨૫
સ્થળ–વાલીયા

(હીતેષકુમાર રસીકલાલ ઠકકર)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ,
વાલીયા.
યુનીક જજ કોડ–જી.જે. ૦૧૪૪૮